**1Special Atro Case No 06/2022**

**સ્પે.એટ્રો. કેસ નંબરઃ– ૦૬/૨૦૨૨**

**આંક –૩૯**

| સ્પે.એટ્રો. કેસ નંબરઃ– ૦૬/૨૦૨૨ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૦૨ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | ભરતકુમાર નારણદાસ દક્ષિણી | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 8511860746 |
| ઉંમર આશરે | ૪૧ | વરસની | ધંધો | વેપાર |
| રહેવાનુ | પ્રગતિનગર ધાનેરા તા.ધાનેરા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | એસ.કે.જોષી રજા પર હોય ઈ.ચા.વી.બી.કંસારા |

(૧) તા.૨૫/૧/૨૨ના સાંજના ચાર થી પાંચ વાગ્યાના સમય દરમિયાન હું રેલ્વે બ્રિજ ધાનેરા ઉભેલો હતો તે દરમિયાન પોલીસે મને પંચનામામાં બોલાવેલો. તે વખતે બહારના પોલીસ સ્ટાફ હાજર હતા. પછી તેમણે કહેલ કે આ એટ્રોસીટીનો કેસ છે તે જાણી લો પછી તમે સહી કરજો.

(૨) ફરીયાદી ચેતનભાઈ સોલંકી પણ રેલ્વે બ્રિજના છેડે હાજર હતા. તે સમયે પોલીસ અને ફરીયાદી જે જગ્યાએ બનાવ બનેલ હતો તે જગ્યા બતાવેલી. જે જગ્યા અગ્રવાલ હોસ્પિટલ આવેલ છે અને રેલ્વે બ્રિજના છેડે મહેશ્વરી પાર્લર આવેલુ છે. જે દુકાન બે શટલવાળી છે અને પતરાના શેડવાળી છે અને ભોયતળીયે ટાઈલ્સ લગાવેલી છે અને દુકાનની આગળ સામાન્ય ઓટલો કરેલો છે અને ઓટલાની થોડી જગ્યા છોડીને મુખ્ય ડામરનો રોડ આવેલો છે. રોડથી ઉતર દિશાએ ફર્નીચરની દુકાન આવેલી છે.

સાહેદની સહી.............................

તેની પૂર્વ દિશાએ કોમન પ્લોટ આવેલ છે અને દક્ષિણ દિશાએ વિશ્વકર્મા સોસાયટી આવેલી છે અને આરોપીની દુકાનની પાસે મીઠાઈ સ્વીટમાર્ટ દુકાન આવેલ છે અને જેનુ નામ શિવકૃપા છે. સદર પંચનામું મારી હાજરીમાં થયેલુ. પંચનામુ વાંચીને પછી મે સહી કરેલી. તે સમયે બીજા પંચ તરીકે ઉતમભાઈ ત્યાં હાજર હતા.

મને માર્ક:૧૧/૩ વાળું ગુનાવાળી જગ્યાનું પંચનામું બતાવવામાં આવે છે , જેમાં પંચ નં.૨ તરીકે મારી તથા પંચ નં.૧ તરીકે ઉતમભાઈની સહી છે,જે પંચનામામાં મારી હાજરીમાં કરેલી, જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **<u>આંક:૪૦</u>** આપવામાં આવે છે.

**સરતપાસ પુરી.**

**<u>આરોપીઓ તરફે ઉલટ તપાસ વિ.વ.શ્રી.બી.જે.પ્રજાપતિ..</u>**

(૩) પ્રગતિનગર અને વૃંદાવનનગર સોસાયટી વચ્ચે ૭૦૦ મીટર જેટલુ અંત ર આવેલ છે. એ વાત ખરી છે કે હું પાણીનો સપ્લાય કરુ છું જેથી હું ધાનેરાની બધી જગ્યાથી વાકેફ છું. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે બનાવ વખતે હું રેડીમેન્ટ કાપડનો હોલસેલનો ધંધો કરતો હતો. હું ત્યાં ગયેલો ત્યારે પંચ નં.૧ હાજર હતા. હું ત્યાં ઉભેલો હતો. હું ચાર થી પાંચ વાગ્યાના ગાળામાં ત્યાં ઉભેલો હતો. તે સમયે પોલીસવાળાએ મને પંચમાં રહેવા માટે બોલાવેલો. હું ફરીયાદીને ઓળખતો નથી. મને પંચનામામાં લખાવતી વખતે આ બનાવના ફરીયાદી હાજર હતા તેવુ પોલીસવાળાએ જણાવેલું. એ વાત ખરી છે કે ત્યાં નાસ્તાની તેમજ પાર્લરની દુકાનો આવેલી હોવાથી ત્યાં માણસોની અવર–જવર વધારે રહે છે. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએથી દોઢ કિ.મી. દૂર ધાનેરા પોલીસ સ્ટેશન આવેલ છે. એ વાત ખરી નથી કે પંચનામુ પોલીસે લખી લીધેલુ અને મે ફકત સહી કરેલી.

સાહેદની સહી............................

એ સમયે પંચનામું ચાર થી પાંચના સમયમાં લખી લીધેલું. એ વાત ખરી નથી કે પોલીસે પંચનામુ લખી લીધેલુ અને મે તૈયાર પંચનામામાં ફકત સહી કરેલી. એ વાત ખરી નથી કે ફરીયાદી મારા મિત્ર થતા હોય તેમના સમર્થનાં સોગંધ ઉપર ખોટી જુબાની આપુ છું.

**ઉલટ તપાસ પુરી..**

**વિશેષ ઉલટતપાસ નથી..**

**ફેર ઉલટતપાસ નથી..**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

........................................

સાહેદની સહી

| | |
|---|---|
| | મારી રૂબરૂ, |
| મુ. ડીસા | (કુ.એસ.એમ.કાનાબાર) |
| તા. ૨૦/૦૧/૨૦૨૬ | સ્પે.જજ એટ્રો, ડીસા |

સાહેદની સહી............................